# દિવ્યક્રાંતિ

DATE 25-12-2025 to 30-12-2025 ▸ Owner-Editor & Publisher: Jaydev K. Budhbhatti +91-9723162036 RNI Reg No. GujGuj/2013/56930


NEXT EDITION
26-01-2026 - REPUBLIC DAY SPECIAL
BOOK YOUR AD SPACE: 9723162036




# મોરબીમાં બાંગ્લાદેશમાં થયેલ યુવાનની હત્યાનો ભારે વિરોધ


જુઓ-પાનું-(૪)












FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE



























નોંધઃ આ ઇ-પેપરમાં કોઇપણ વ્યકકિતના મોબાઇલ નંબર ઉપર કલિક કરવાથી સીધો જ ફોન કરી શકશો.

## તંત્રી સ્થાનેથી...

# પશુઓ પર અત્યાચાર, સમાજની સંવેદનશીલતા પર પ્રશ્નચિહ્ન!



સમાજની પ્રગતિ માત્ર ઈમારતો, રસ્તાઓ કે ટેક્નોલોજીથી માપાતી નથી; તે સમાજ કેટલો માનવતાવાદી છે, તેની ઓળખ પશુઓ અને નિર્બળ પ્રાણીઓ પ્રત્યેના વર્તનથી થાય છે. દુર્ભાગ્યની વાત છે કે આજે પણ અનેક સ્થળોએ પશુઓને લાકડીથી મારવામાં આવે છે, રસ્તા પર ફરતા કુતરાઓ પર અત્યાચાર કરવામાં આવે છે. બોલી ન શકતા આ પ્રાણીઓ પર થતો આ ક્રૂર વ્યવહાર માત્ર ગેરકાયદેસર નથી, પરંતુ માનવતા વિરુદ્ધનું ગંભીર અપરાધ છે. પશુઓ માણસની જેમ પોતાનું દુઃખ શબ્દોમાં વ્યક્ત કરી શકતા નથી. તેઓની આંખોમાં દેખાતી ભય અને પીડા આપણને ઝંઝોડવી જોઈએ. રસ્તા પર આવેલા કુતરાને મારવો, ગાય-બળદ પર બળજબરી કરવી કે કોઈ પણ પ્રાણી પર હિંસા કરવી એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી. હકીકતમાં, આવા કૃત્યો સમાજમાં વધતી અસંવેદનશીલતાનું પ્રતિબિંબ છે. કાયદાકીય રીતે પણ પશુ પર અત્યાચાર દંડનીય ગુનો છે. છતાં, કાયદાનો ભય ન રહે ત્યારે માણસની અંદરની માનવતા જ તેને રોકવી જોઈએ. જે વ્યક્તિ આજે પશુને મારે છે, તે કાલે સમાજ પ્રત્યે પણ કઠોર બની શકે છે—આ વિચાર દરેકે ગંભીરતાથી કરવો જરૂરી છે.

જાગૃતિની અહીં સૌથી વધુ જરૂર છે. નાગરિકોએ સમજવું પડશે કે પશુઓ પણ જીવંત પ્રાણી છે, તેમને પણ દુઃખ થાય છે. બાળકોને નાની ઉંમરથી જ પ્રાણીઓ પ્રત્યે કરુણા અને સંવેદના શીખવવી સમયની માંગ છે. સ્થાનિક તંત્ર, સામાજિક સંસ્થાઓ અને નાગરિકો સૌ મળીને આવા અત્યાચાર સામે અવાજ ઉઠાવે, ત્યારે જ સાચો ફેરફાર શક્ય બનશે. મારી આપ સૌને નમ્ર અપીલ છે કે પશુઓ પર હાથ ઉઠાવતાં પહેલાં એક ક્ષણ થંભો. લાકડી ઊંચી કરવાને બદલે માનવતા ઊંચી કરો. કારણ કે જે સમાજ પશુઓનું રક્ષણ કરી શકે, એ સમાજ જ સાચા અર્થમાં સંસ્કારી અને સંવેદનશીલ કહેવાય.

આપનો પ્રતિભાવ : 9723162036 પર જણાવો



જયદેવ બુધ્ધભટ્ટી : તંત્રી

# મોરબીમાં CGCRI સમકક્ષ રીસર્ચ સંસ્થા શરૂ કરવા સિરામિક એસો.ની માંગ

મોરબી સિરામિક એસોસિએશન અને પંચાળ સિરામિક એસોસિએશન વિકાસ ટ્રસ્ટ, થાનગઢ ની સંયુક્ત બેઠક CSIR-CGCRI, કલકત્તા સાથે યોજાયેલ હતી. જેમાં એસોસિએશનના પ્રતિનિધિઓ અને CSIR-CGCRI ના વરિષ્ટ વૈજ્ઞાનિકો સામેલ થયા હતા.

ખાસ કરીને જણાવ્યુ હતુ કે, 1940 માં CSIR (કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ) અને CGCRI (સેન્ટ્રલ ગ્લાસ એન્ડ સિરામિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ) ની સ્થાપના કલકતા ખાતે કરવા માં આવી હતી. જેતે વખતે કલકત્તામાં ખાણ ખનીજ અને ગ્લાસ તથા સિરામિક ઉત્પાદન નુ મુખ્ય મથક હોય કલકતા ખાતે સંસ્થા નો આરંભ કરવામાં આવેલ હતો. હાલમાં આ સંસ્થામાં ચેરમેનની જવાબદારી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સંભાળી રહ્યા છે.

આ ઉપરાંત સિરામિક ક્લસ્ટરને મદદરૂપ થવા માટે CSIR-CGCRI, નરોડા સેન્ટરની સ્થાપના 1977 માં ગુજરાત ખાતે આસપાસના વિસ્તારોમાં નાના અને મધ્યમ ક્ષેત્રોમાં સિરામિક ઉધોગોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કરવામાં આવી હતી.

જેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક રીતે ઉપલબ્ધ સિરામિક કાચા માલનું મૂલ્યાંકન અને ઉપયોગ તથા સિરામિક અને સંલગ્ન ઉધોગોને પરીક્ષણ સુવિધાઓ પ્રદાન કરવી, પરંપરાગત સફેદ માટી ના વાસણોના સિરામિક્સનો વિકાસ કરવો, પ્રાયોજિત સંશોધન અને ટેકનોલોજીનું ટ્રાન્સફર હાથ ધરવું, તદ ઉપરાંત ગુણવત્તા, ઉત્પાદકતા, ખર્ચ ઘટાડા, આયાત અવેજી અને નિકાસ



પ્રોત્સાહનમાં સુધારો કરવા માટે સિરામિક ઉધોગોને તકનીકી સહાય કરવી, સિરામિક ઉધોગમાં માનવશક્તિ વિકાસ માટે કર્મચારીઓને તાલીમ આપવી.

ઉધોગને સલાહ સેવાઓ પ્રદાન કરવી, ગ્રામીણ માટીકામમાં સુધારો અને ઉત્પાદન શ્રેણીમાં વૈવિધ્યકરણ માટે ટેકનોલોજીનો વિકાસ કરવો, ટાઈલ્સ, સેનિટરી વેર વગેરે જેવા પરંપરાગત સિરામિક ઉત્પાદનોની ગુણવત્તા સુધારણા માટે ટેકનોલોજી વિકાસ કરવો, સામાજિક લાભ માટે પરંપરાગત સિરામિક્સમાં ગ્રામીણ કારીગરોના તાલિમ આપવી,

S M E ક્ષેત્રો માટે ઉધોગ ના વિકાસ પ્રવૃત્તિ હાથ ધરવી, પરંપરાગત સિરામિક્સના ઉત્પાદન માટે ઔધોગિક વેસ્ટ કચરાનો ઉપયોગ કરવા તકનીકી સલાહ અને સુચન આપવા, ઊર્જા કાર્યક્ષમ પ્રત્યાવર્તનનો વિકાસ

તેમજ પરંપરાગત સિરામિક્સમાં નેનો ટેકનોલોજીના ઉપયોગમાં ભવિષ્યવાદી સંશોધન હાથ ધરવુ વિગેરે હતા.

CGCRI નરોડા સેન્ટર ટાઇલ્સ, સેનિટરીવેર, ટેબલવેર, ઇન્સ્યુલેટર, રિફ્રેક્ટરીઝ અને ભઠ્ઠી ના ફર્નિચર અને અન્ય સંલગ્ન ઉધોગો જેમ કે માટી પ્રોસેસિંગ ઉધોગોના ઉત્પાદકોને વ્યવહારુ સલાહ અને ટેકનિકલ મુશ્કેલીનિવારણ, પ્રક્રિયા સુધારણા, અસ્વીકાર નિયંત્રણ, ઉત્પાદન ગુણવત્તા સુધારણા, કચરાના ઉપયોગ અને ઉત્પાદકોના અંતે નવી સુવિધાઓ બનાવવા માટે નિષ્ણાત સેવાઓ પ્રદાન કરવા માટે આ સંસ્થા કાર્યરત છે.

વિશ્વ વિખ્યાત મોરબી સિરામિક ઉધોગ દેશ નુ 90% સિરામિક પ્રોડક્ટ બનાવતુ હોય અને વિશ્વનુ બીજા નંબર નુ પ્રોડક્શન હબ હોય સિરામિક ઉધોગમાં આ મુજબ ની કોઇ સગવડતા નથી. આ મીટીંગ CGCRI ની પેટા શાખા મોરબી ખાતે સ્થાપવામાં આવે તેવી ભારપૂર્વક ચર્ચા અને રજુઆત કરવામાં આવી હતી.

# મોરબીના સિરામિક ઉધોગના પ્રશ્નો અંગે ગાંધીનગરમાં CM-મંત્રીઓ સમક્ષ ઘા

મોરબી સિરામિક એસો.ના પ્રમુખ સહિતના આગેવાનો ગાંધીનગર પહોચ્યા હતા અને મુખ્યમંત્રી તેમજ અન્ય મંત્રીઓને મળ્યા હતા અને ત્યારે જૂના યુનિટોમાં જંત્રીનું મૂલ્ય વધુ આવતાં ખરીદ-વેચાણમાં પડતી મુશ્કેલીઓ, GPCB સંબંધિત પ્રશ્નો, ગુજરાત ગેસના ભાવમાં ઘટાડો, નવા સબ સ્ટેશન બનાવવા સહિતની રજૂઆતો કરી હતી. જેના માટે મુખ્યમંત્રી સહિતના મંત્રીઓએ હકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો હતો.

મોરબી સિરામિક એસો.ના પ્રમુખ મનોજભાઇ એરવાડિયા તેમજ સુખદેવભાઈ, શામજીભાઈ તથા રમેશભાઈએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી તથા તેમના અંગત સચિવ સાથે રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન બાંધકામ જંત્રી સંબંધિત મુદ્દાઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને જૂના યુનિટોમાં જંત્રીનું મૂલ્ય વધુ આવતાં



ખરીદ-વેચાણમાં પડતી મુશ્કેલીઓ બાબતે ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી. આ અંગે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા મુખ્યમંત્રીએ હકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ રાજ્યકક્ષાના મંત્રી પ્રવિણભાઈ માળી સાથે રૂબરૂ મુલાકાત લઈ તેમની સમક્ષ GPCB તથા ગ્રાઉન્ડ વોટર સંબંધિત પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. આ મુદ્દાઓ પર પણ સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા તેમણે હકારાત્મક વલણ દર્શાવ્યું હતું તેમજ આગામી સમયમાં મોરબીની મુલાકાત લઈ ઉધોગોને લગતા GPCB સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી.

આ ઉપરાંત રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સાથે મુલાકાત દરમિયાન 66 કે.વી. સાપર તથા 220 કે.વી. રંગપર સબસ્ટેશન અંગે રજૂઆત કરવામાં આવી હતી.

# એક વર્ષમાં મોરબી મહાપાલિકાએ શહેરમાં કર્યા ૫૫૦ કરોડના વિકાસ કામો: કમિશનર સ્વપ્રિલ ખરે

મોરબી મહાપાલિકા અસ્તિત્વમાં આવી તેને એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યુ છે ત્યારે કમિશનરના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા છેલ્લા એક વર્ષ દરમિયાન મહાપાલિકાના વિવિધ વિભાગો દ્વારા સરકારી ગ્રાન્ટનો ઉપયોગ કરીને જે કામો કરવામાં આવ્યા તેની માહિતી આપવામાં આવી હતી અને એક વર્ષની અંદર કરવામાં આવેલા વિકાસ કામ તથા હવે કરવાના થતા કામની માહિતી આપતા કમિશનરે કહ્યુ હતું કે 550 કરોડ રૂપિયાના કામો મોરબી મહાપાલિકા વિસ્તારમાં કરવામાં આવ્યા છે.

કમિશનર સ્વપ્નિલ ખરેની અધ્યક્ષતામાં ઇસ્ટ ઝોન ઓફિસ ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ફાયર વિભાગ દ્વારા શહેરની સલામતી માટે લેવામાં આવેલા પગલાં, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સ્વચ્છતા અને ડોર ટુ ડોર કચરા સંકલન, સિવિલ તથા ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા રોડ, બ્રિજ અને શહેરી વિકાસ કામો, તેમજ વોટર અને ડ્રેનેજ વિભાગ દ્વારા પાણી પુરવઠા અને ભૂગર્ભ સુવિધાઓ મજબૂત બનાવવાની કામગીરી અંગે



માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે ઇલેક્ટ્રિક વિભાગ દ્વારા લાઈટિંગ અને સુશોભન, ગાર્ડન તથા સીટી બ્યુટીફીકેશન વિભાગ દ્વારા હરિયાળી અને શહેર સૌંદર્યીકરણ, તેમજ રમતગમત, સાંસ્કૃતિક, લાઈબ્રેરી અને હેલ્થ વિભાગ દ્વારા નાગરિક કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી. આશરે 550 કરોડના વિવિધ વિભાગો દ્વારા પુર્ણ/પ્રગતિ હેઠળ અથવા ટેન્ડર સ્ટેજે રહેલા કામોની વિગત આપી હતી.

આ ઉપરાંત પ્રેસ કોન્ફરન્સમાં "સિટીઝન્સ બજેટ" બાબતે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. મોરબી મહાનગરપાલિકા દ્વારા આગામી બજેટ તૈયાર કરતા પહેલાં શહેરના નાગરિકો પાસેથી સૂચનો, અભિપ્રાય અને જરૂરિયાતો મેળવવા માટે સિટીઝન્સ બજેટની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેમાં મોરબીના નાગરિકો શહેરના વિકાસ માટે પોતાના વિચાર અને સૂચનો માનગરપાલિકાને આપી શકશે આ પહેલ દ્વારા જનભાગીદારી વધારવાનો અને નાગરિક કેન્દ્રિત બજેટ તૈયાર કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

# યુક્રેનમાં યુધ્ધ કેદી તરીકે પકડાયેલ મોરબીના સાહિલ માજોઠીના વધુ બે વિડીયો વાયરલ

મોરબીના કાલિકા પ્લોટમાં રહેતો સાહિલ મજોઠી નામનો યુવાન રશિયામાં અભ્યાસ માટે ગયો હતો અને ત્યાં તેને ડ્રગ્સ કેસમાં સજા કરવામાં આવી હતી ત્યાર બાદ રશિયા તરફથી તેને યુક્રેન સામે યુધ્ધ કરવા માટે મોકલવામાં આવેલ હતો જોકે, તેને યુક્રેન સામે યુદ્ધ કરવાના બદલે કોઈપણ પ્રકારનું યુક્રેનમાં નુકશાન કર્યા વગર આત્મસમર્પણ કર્યું હતું જેથી હાલમાં તે યુક્રેનમાં યુધ્ધ કેદી તરીકે બંદીવાન છે તેવામાં તેના વધુ બે વિડિઓ હાલમાં વાયરલ થયા છે જેમાં તે ભારત સરકારને પોતાને ભારત પરત લાવવા માટેની અપીલ કરે છે અને રશિયાની સરકાર ઉપર ગંભીર આક્ષેપ કરે છે.

મોરબીના કાલિકા પ્લોટ વિસ્તારમાં રહેતા હસીનાબેન માજોઠીનો 22 વર્ષીય યુવાનનો દીકરો મજોઠી સાહિલ જાન્યુઆરી 2024 માં રશિયામાં બીટેક નો અભ્યાસ કરવા માટે ગયો હતો અને ત્યાં અભ્યાસની સાથે તે કુરિયર સર્વિસમાં નોકરી કરતો અને અને એપ્રિલ 2024 માં તે કુરિયર આપવા માટે જતો હતો ત્યારે રશિયાની પોલીસે તેને પકડ્યો હતો અને તેની પાસે રહેલ જે પાર્સલ હતું.. તેમાંથી 20 ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું જેથી કરીને ત્યાની કોર્ટમાં ચાલી ગયો હતો જેમાં સહિતલને 7 વર્ષની સજા કરવામાં આવી હતી. અને તે રશિયાની જેલમાં હતો ત્યાંથી યુક્રેન સામે યુધ્ધ લડવા માટે તેને તૈયાર કરીને મોકલવામાં આવેલ હતો અને ત્યાં તેને ગત ઓક્ટોમ્બર મહિનામાં યુધ્ધ કર્યા વગર જ યુક્રેનની સેના સામે આત્મસમર્પણ કર્યું હતું ત્યારથી યુધ્ધ કેદી તરીકે યુક્રેનમાં છે. યુક્રેનમાં યુધ્ધ કેદી તરીકે પકડાયેલ સાહિલને હેમખેમ ભારત પાછો લાવવા માટે સાહિલની માતા હસીનાબેને ભારતના વડાપ્રધાન અને રાષ્ટ્રપિતા સુધી રજૂઆતો કરેલ છે અને દિલ્હીમાં કોર્ટમાં પણ અરજી કરવામાં આવેલ છે જેમાં આગામી ફેબ્રુઆરી મહિનામાં હિયરિંગ છે. જો કે, હાલમાં સાહિલ



માજોઠીના બે વિડિઓ સોશ્યલ મીડિયામાં વાયરલ થયા છે જેમાં તેણે રશિયાની સરકાર ઉપર આક્ષેપ કરેલ છે.અને ભારત સરકારને પોતાને ઘરે પાછો લઈ આવવા માટે અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, યુક્રેનમાં સાહિલે સરેન્ડર કર્યું ત્યારે ઓક્ટોમ્બર મહિનામાં પણ તેનો એક વીડિયો સામે આવ્યો હતો અને હાલમાં સાહિલના બીજા બે વિડિઓ સામે આવેલ છે. જેમાં સાહિલ વધુ એક વખત રશિયા સરકાર ઉપર ગંભીર આક્ષેપ કરી રહ્યો છે અને તેને પહેલા ડ્રગ્સના કેસમાં ફસાવવામાં આવ્યો અને ત્યાર બાદ યુક્રેન સામે યુધ્ધ કરવા માટે મોકલવામા આવેલ છે તેવું કહી રહ્યો છે અને ભારત સરકાર દ્વારા તેને મોરબી આવવા માટે મદદ કરવામાં આવે તેવી અપીલ કરવામાં આવેલ છે. પ્રલોભનો આપ્યા હતા: હસીનાબેન સાહિલના માતા હસીનાબેને જણાવ્યુ હતું કે, તેઓ રશિયા કયારે પણ ગયા નથી અને તેના દીકરાને ડ્રગ્સ કેસમાં પકડવામાં આવે છે તેની ત્યાની પોલીસે જાણ કરી હતી જો કે, પાર્સલ કોને આપ્યું હતું અને કોને પાર્સલ આપવાનું હતું તે સહિતની માહિતી રશિયાની પોલીસને આપી હતી તો પણ તે લોકોની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને માત્ર ફિંગર પ્રિન્ટ આધારે તેની સામે કેસ ચલાવીને 7 વર્ષની જેલની સજા કરવામાં આવી છે. અને તે જેલમાં હતો ત્યારે તેણે રશિયાની સીટીઝન શીપ, સરકારી નોકરી અને સજા માફી સહિતના પ્રલોભનો આપવામાં આવ્યા હતા.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું હતું ત્યારે ભારતીય એમબેસી દ્વારા ભારતીય નાગરિકોને રશિયાની સરકાર દ્વારા કોઈ પણ લાલચ કે પ્રલોભન આપવામાં આવે તેમાં ન આવવા માટેનો પત્ર જાહેર કરવામાં આવેલ હતો જો કે, તેની જાણ જેલમાં બંધ સાહિલને કરવામાં આવી જ ન હતી તેવો આક્ષેપ અગાઉ તેની માતાએ કર્યો હતો.

# મોરબી બાર એસો.ના પાંચ હોદા માટે ચૂંટણીનું પરિણામ જાહેર: પ્રમુખ પદે દિલિપભાઇ અગેચાણીયા

મોરબી બાર એસોસિએશનના પ્રમુખ સહિતના 11 હોદ્દેદારોની મુદત પૂરી થતી હોવાના કારણે ચૂંટણી જાહેર કરવામાં આવી હતી ત્યાર બાદ પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રેઝરર, મહિલા રી-પ્રેઝન્ટેટિવ અને એક કારોબારી સભ્ય બિનહરીફ થઈ ગયેલ હતા જો કે, જોઇન્ટ સેક્રેટરી અને ચાર કારોબારી સભ્ય માટે ચૂંટણીનું મતદાન યોજાયું હતુ જેનું પરિણામ જાહેર કરી દેવામાં આવેલ છે.મોરબી બાર એસોસિએશનના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઇન્ટ સેક્રેટરી, ટ્રેઝરર, મહિલા રી-પ્રેઝન્ટેટિવ અને પાંચ કારોબારી સભ્યો આમ કુલ મળીને 11 હોદ્દેદારો માટે ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં પ્રમુખ પદ માટે દિલીપભાઈ આર. અગેચાણીયા, ઉપપ્રમુખ પદ માટે દીપકભાઈ વાલજીભાઈ પારેધી તથા ટ્રેઝરર પદ માટે નિધિબેન ત્રિભુવનભાઈ વાઘડિયાના એક-એક ફોર્મ આવેલ હોવાથી તે ત્રણેય હોદ્દા બિનહરીફ





થઈ ગયેલ છે જ્યારે મહિલા રી-પ્રેઝન્ટેટિવ પદ માટે ખુશ્બુબેન યોગેશભાઈ કોઠારી અને જે પાંચ કારોબારી સભ્ય લેવાના છે તેમાં એક મહિલા અનામત હોય હેતલબેન ત્રિલોકભાઈ મહેશ્વરી પણ અનામત બેઠક ઉપર બિનહરીફ થઈ ગયા છે. જોકે, જોઇન્ટ અને ચાર કારોબારી સભ્યના પદ માટે શુક્રવારે ચૂંટણીનું મતદાન યોજાયુ હતુ અને સાંજે મતગણતરી કરીને પરિણામ જાહેર કરી દેવામાં આવ્યુ છે જેમા જોઇન્ટ સેક્રેટરી પદે જીતેન્દ્રભાઈ ડાયાભાઈ સોલંકી તેમજ કારોબારી સભ્ય માટે દેવીપ્રસાદ કૈલાશભાઈ જોશી, પ્રદીપભાઈ ધનજીભાઈ કંઝારીયા, ઘનશ્યામભાઈ બી. આદ્રોજા, યોગેશભાઈ આર. પારેજીયા વિજેતા બનેલા છે. તેવી જાહેરા ચૂંટણી અધિકારી તરીકે નિમાયેલા રાજેશભાઈ બદ્રકીયા, અશોકભાઈ પરીખ, ખુશ્બુબેન કંઝારીયા અને સોનલબેન પરમાર દ્વારા કરવામાં આવેલ છે.

# કચ્છની ફોલ્ટ લાઈન સતત સક્રિય વિનાશક ભૂકંપની સંભાવના

કચ્છના વિનાશક ભૂકંપને આગામી સમયમાં 25 વર્ષ પૂર્ણ થનાર છે ત્યારે હજુ કચ્છની લાઈન સતત સક્રિય હોય વધુ વિનાશક ભૂકંપ આવવાની સંભાવના સંશોધકોનાં અભિયાસના આધારે વ્યકત કરવામાં આવી છે.

ગુજરાતમાં કચ્છ જેવા વિસ્તારોમાં વારંવાર ભૂકંપ આવવાની શક્યતા કેમ વધુ છે? આનો જવાબ પૃથ્વીના પોપડામાં ઊંડે સુધી રહેલો છે – રાજ્યની નીચે બહુવિધ ફોલ્ટ લાઇનો અને વિકૃતિઓ એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, જેના કારણે ધ્રુજારી અને ભૂકંપ આવે છે, એમ ગાંધીનગર સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) અને હિમાચલ પ્રદેશની મહારાજ અગ્રસેન યુનિવર્સિટીના સંશોધકો દ્વારા તાજેતરના અભ્યાસમાં જણાવાયું છે.

રાજ્ય આવતા મહિને 2001ના વિનાશક ભૂકંપના 25 વર્ષ પૂર્ણ કરવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે આ અભ્યાસમાં 56 કાયમી અને 20 કામચલાઉ ભૂકંપ મથકો દ્વારા 2008 થી 2024 દરમિયાન નોંધાયેલા 1,300 થી વધુ આંચકાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે જેથી ગુજરાતની નીચે પોપડાને 'સ્કેન' કરી શકાય અને ટેક્ટોનિકલી સક્રિય વિસ્તારોને ઓળખી શકાય.

સૌરવ સૈકિયા, રાકેશ પ્રજાપત, સુમેર ચોપરા, સંતોષ કુમાર, વિનય કુમાર દ્વિવેદી (ISR) અને વિકાસ કુમાર (ISR અને મહારાજ અગ્રસેન યુનિવર્સિટી, હિમાચલ પ્રદેશ) દ્વારા લખાયેલ 'ભારતીય ઉપખંડના પશ્ચિમી માર્જિનમાં પોપડાના એનિસોટ્રોપીની જટિલ પ્રકૃતિ અને તેના ભૂ-ગતિશીલ અસરો' વિષય પરનો અભ્યાસ એલ્સેવિયરના જર્નલ ટેક્ટોનોફિઝિક્સના તાજેતરના અંકમાં પ્રકાશિત થયો હતો.સૈકિયાએ ને જણાવ્યું હતું કે ટીમ માટે સૌથી આશ્ચર્યજનક પરિણામ કચ્છ પ્રદેશની પ્રકૃતિ હતી. "ભૌગોલિક રીતે કચ્છ રિફ્ટ બેસિન તરીકે ઓળખાતો આ પ્રદેશ ગુજરાતના બાકીના ભાગ કરતાં પોપડાના વિકૃતિનું નોંધપાત્ર રીતે ઊંચું સ્તર દર્શાવે છે. મહત્વનું છે કે, આ વિકૃતિ કચ્છ મેઇનલેન્ડ ફોલ્ટ, સાઉથ વાગડ ફોલ્ટ, અલ્લાહ બંડ ફોલ્ટ અને ગેડી ફોલ્ટ જેવા મુખ્ય સક્રિય ફોલ્ટ સાથે મજબૂત રીતે જોડાયેલી છે. આ તે જ ફોલ્ટ સિસ્ટમ્સ છે જે ભૂતકાળના મોટા ભૂકંપ માટે જવાબદાર છે.

અભ્યાસ મુજબ, આ પ્રદેશમાં રિક્ટર સ્કેલ પર 6 કે તેથી વધુ તીવ્રતાના ઓછામાં ઓછા ચાર ભૂકંપ નોંધાયા છે – 1819 માં, અલ્લાહ બુંદમાં 7.8 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, અને 2001 માં, 7.7 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. કચ્છ અને ગુજરાતને હચમચાવી નાખ્યું હતું.

સૈકિયાએ સમજાવ્યું કે તેઓએ એનિસોટ્રોપી અથવા વિકૃતિનો અભ્યાસ કર્યો હતો, ખાસ કરીને તે નક્કી કરવા માટે કે તે મોટી ફોલ્ટ લાઇનો સાથે સંરેખિત છે કે 'સ્થાનિક ફોલ્ટ સ્ટ્રક્ચર્સ'નો ભાગ છે. "સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના નર્મદા રિફ્ટ બેસિનમાં, વિકૃતિઓ સ્થાનિક ફોલ્ટ સ્ટ્રક્ચર્સને નજીકથી અનુસરે છે. જો કે, ઉત્તર ગુજરાત અને કેમ્બે રિફ્ટ બેસિનમાં, વિકૃતિ દિશા યુરેશિયન પ્લેટ તરફ ભારતીય પ્લેટની એકંદર ગતિ સાથે વધુ સંરેખિત થાય છે.

સંશોધકોએ જણાવ્યું હતું કે ટૂંકા ગાળામાં, તારણો સમજાવવામાં મદદ કરે છે કે રાજ્યના કેટલાક ભાગોમાં ભૂકંપ વારંવાર કેમ આવે છે, જ્યારે લાંબા ગાળે, તેઓ સૂચવે છે કે કચ્છ જેવા પ્રદેશો ભૂકંપની રીતે સક્રિય રહેવાની સંભાવના છે. "કારણ મર્યાદિત વિસ્તારમાં ક્રિયાપ્રતિક્રિયા કરતા બહુવિધ ખામીઓ છે, જે પોપડામાં જટિલ અને સતત તણાવ સંચય બનાવે છે,

# શિયાળાની પરંપરાગત અને આરોગ્યપ્રદ વાનગી 'ઘુંટો'

શિયાળાની સ્પેશલ વાનગી 'ઘુંટો' લગભગ 58 જેટલા શાકભાજી, કઠોળ અને ફળોના સંયોજનથી તૈયાર થતી પોષક વાનગી છે. ઘુંટાની શોધ જામનગર જિલ્લાના બદનપર-જોડિયા વિસ્તારના ખેડૂતોએ કરેલી હોવાનું માનવામાં આવે છે. આજે પણ આ વાનગી વિષે ઘણા લોકો અજાણ છે, જોકે મોરબીમાં હવે ધીમે ધીમે ઘુંટો લોકપ્રિય બનતો જઈ રહ્યો છે.



ખાસ કરીને પાટીદાર સમાજના ખેડૂત પરિવારોમાં ઘુંટાની વાનગી ખૂબ પ્રખ્યાત છે. પચવામાં સરળ અને અનેક વિટામિન્સથી ભરપૂર હોવાથી ઘુંટો શિયાળામાં શરીરને ઊર્જા અને તાકાત આપે છે. અનેક ડોક્ટરોએ પણ ઘુંટાને આરોગ્યપ્રદ ગણાવી સ્વાસ્થ્ય માટે લાભદાયી હોવાનું જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ધ્રોલ ખાતે પૂર્વ ધારાસભ્ય સ્વ.પરસોત્તમભાઈ ભોજાણીના ઘરે ઘુંટો ચાખવા માટે વિશેષ હોલ્ટ કર્યો હતો, ત્યારબાદ આ વાનગી વધુ પ્રસિદ્ધ બની.

આજે મોરબીમાં પણ ઘુંટો મળતો શરૂ થયો છે. જો તમે કે તમારા મિત્રો હજુ સુધી ઘુંટો ન ચાખ્યો હોય, તો શિયાળાની એક અનોખી અને પરંપરાગત વાનગીનો સ્વાદ ચૂકી રહ્યા છો—આ શિયાળામાં એકવાર જરૂરથી ઘુંટો માણજો.







Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-6, Issue-146, Year-8 Price Rs. 3.00, M. 097231 62036

# સૌર ઉર્જાની સૌથી મોટી સમસ્યા થઈ દૂર, વૈજ્ઞાનિકોએ બનાવ્યો 30 ટકા વધુ પાવરફૂલ સેલ

વૈજ્ઞાનિકોએ 30% વધુ કાર્યક્ષમ નવી સૌર કોષ ટેકનોલોજી વિકસાવી છે, જે સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે ક્રાંતિ લાવશે. આ પાતળા ફિલ્મ કોષોમાં જર્મેનિયમ ઓક્સાઇડ (Z O X) સ્તર ઉમેરીને વીજળી સંચાલન સુધારવામાં આવ્યું છે.

વૈજ્ઞાનિકોએ સૌર ઊર્જા ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે એવો નવીન સૌર ઊર્જા કોષ વિકસાવ્યો છે, જે પરંપરાગત કોષોની સરખામણીએ લગભગ 30 ટકા વધુ કાર્યક્ષમ છે. આ શોધ લાંબા ગાળાની સૌર ઊર્જા સંબંધિત એક મોટી સમસ્યાનો ઉકેલ લાવે છે અને સ્વચ્છ ઊર્જાના ઉપયોગને વધુ અસરકારક બનાવી શકે છે.

વિશ્વભરમાં સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા તરફ ઝુકાવ વધતો જાય છે, જેમાં સૌર ઊર્જાનો ઉપયોગ ખાસ મહત્વનો બની રહ્યો છે. આજના સમયમાં વૈજ્ઞાનિકો પરંપરાગત સિલિકોન આધારિત સૌર કોષોની જગ્યાએ પાતળા શીટવાળા સૌર કોષો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આ કોષો હળવા, ઓછા ખર્ચાળ અને ઉત્પાદન માટે સરળ હોય છે. આ દિશામાં દક્ષિણ કોરિયાની ચોનમ નેશનલ યુનિવર્સિટીના પ્રોફેસર જેઓંગ હો અને ડૉ. રાહુલ કુમાર યાદવની આગેવાની હેઠળની સંશોધક ટીમે એક નોંધપાત્ર સફળતા મેળવી છે.

મીડિયા અહેવાલ મુજબ, સૌર ઊર્જા કોષ એટલે કે ફોટોવોલ્ટેઇક સેલ એ એવું નાનું ઉપકરણ છે, જે સૂર્યપ્રકાશને સીધું વીજળીમાં રૂપાંતરિત કરે છે. આ પ્રક્રિયામાં કોઈ પ્રદૂષણ ઉત્પન્ન થતું નથી, જેના કારણે સૌર ઊર્જા પર્યાવરણ માટે અનુકૂળ અને ખર્ચ બચાવનારી ઉર્જા તરીકે ઓળખાય છે. આજના સમયમાં તેનો ઉપયોગ ઘરો, ઉધોગો અને વ્યાવસાયિક ક્ષેત્રોમાં ઝડપથી વધી રહ્યો છે. લાંબા સમયથી



એક મોટી સમસ્યા એ હતી કે સૌર કોષોમાં વીજળીનું સંચાલન યોગ્ય રીતે થતું ન હતું. ચાર્જ એકત્રિત કરવા અને તેને સ્થાનાંતરિત કરવામાં આવતી મુશ્કેલીઓના કારણે કોષોની કાર્યક્ષમતા ઘટી જતી હતી. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે વૈજ્ઞાનિકોએ એક અનોખો અભિગમ અપનાવ્યો છે, જે આખી સિસ્ટમને વધુ અસરકારક બનાવે છે.

નવી શોધ હેઠળ, વૈજ્ઞાનિકોએ સૌર કોષના આવરણ અને મોલિબ્ડેનમ બેક કોન્ટેક્ટ વચ્ચે જર્મેનિયમ ઓક્સાઇડ (Z O X) નું અત્યંત પાતળું સ્તર ઉમેર્યું છે. આ સ્તર માત્ર 7 નેનોમીટર જેટલું જાડું છે, પરંતુ તેની અસર ખૂબ જ મોટી છે. આ પાતળું સ્તર અનિચ્છનીય સોડિયમના પ્રસરણને અટકાવે છે અને ઊંચા તાપમાને મોલિબ્ડેનમ ડાયસલ્ફાઇડ બનતા રોકે છે. પ્રોફેસર હીઓના જણાવ્યા મુજબ, આ નાનો ફેરફાર સૌર કોષના ઇન્ટરફેસને નોંધપાત્ર રીતે સુધારે છે. પરિણામે ચાર્જનું પરિવહન અને સંગ્રહ વધુ અસરકારક બને છે, જે સીધો વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો કરે છે. આ નવી ટેકનોલોજીના કારણે સૌર કોષોની કાર્યક્ષમતા 3.71 ટકાથી વધીને 4.81 ટકા સુધી પહોંચી ગઈ છે, જે લગભગ 30 ટકાનો વધારો દર્શાવે છે.

આ ઇન્ટરફેસ એન્જિનિયરિંગ અભિગમ ફક્ત સૌર ઊર્જા કોષો પૂરતો સીમિત નથી. સંશોધકોનું માનવું છે કે આ ટેકનોલોજીનો ઉપયોગ પાતળા ફિલ્મ ટ્રાન્ઝિસ્ટર, થર્મોઇલેક્ટ્રિક ઉપકરણો, સેન્સર, ફોટોડિટેક્ટર અને મેમરી ડિવાઇસ જેવા અન્ય અધતન ઉપકરણોમાં પણ થઈ શકે છે. પ્રોફેસર હીઓ માને છે કે આ સંશોધન ભવિષ્યની નવી પેઢીની ટેકનોલોજી માટે માર્ગ ખોલશે. સ્વચ્છ ઊર્જા ક્ષેત્રમાં આ પ્રકારની શોધો લાંબા ગાળે ઊર્જા સંકટનો ઉકેલ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને ટકાઉ વિકાસ તરફ એક મોટું પગલું સાબિત થશે.

## ૧૨.૬ ડિગ્રી સાથે જુનાગઢ રાજ્યનુ સૌથી ઠંડુ શહેર, દિવ - અમરેલીમાં ૧૩ અને નલિયામાં ૧૫.૨ ડિગ્રી !



સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે ઠંડીમાં વધઘટ રહેવા પામી હતી. જુનાગઢ, દિવ, અમરેલીમાં તિવ્ર ઠંડી અનુભવાઇ હતી. તો આશ્ચર્યજનક રીતે નલિયામાં 15.2 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. આજે અમરેલીમાં 13, દિવમાં 13.2 અને જુનાગઢમાં 12.6 ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું.

આજે સવારે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં નોંધાયેલા તાપમાનમાં ઘટાડો થવા પામતા ઠંડીનું પ્રમાણ વધવા પામ્યું છે. વધુમાં વધુ પારો 13.4 ડિગ્રીએ ઉંચો જવા પામ્યો હતો. જ્યારે નીચે ઉતરતા પારો 12.6 ડિગ્રીએ આવી જથતા ઠંડીનું જોર વધવા પામ્યું છે. ગિરનાર પર્વત ઉપર 7.5 ડિગ્રીએ પારો નીચે ઉતરતા ભારે ઠંડીનું પ્રમાણ જોવા મળ્યું હતું. જોકે પવનની ગતિ ઘટીને પ્રતિ કલાક 1.9 કિ.મી.ની ઝડપે નોંધાયો છે.

આ ઉપરાંત આજે સવારે અમદાવાદમાં 17.2, વડોદરામાં 14.2, રાજકોટમાં 14.5, પોરબંદરમાં 15.2, વેરાવળમાં 16.9, સુરતમાં 19.4 તથા ભાવનગરમાં 16, ભુજમાં 17.2, દમણમાં 17, ડિસામાં 14.9, દ્વારકામાં 19.7, ગાંધીનગરમાં 16.5, કંડલામાં 17.6 અને ઓખામાં 22 ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાયું હતું.

તેમજ જામનગરમાં શિયાળો પોતાની પકડ જમાવે તે પહેલા જ મહત્તમ તાપમાન સતત ઉતાર ચડાવ જોવા મળી રહ્યો છે જેને પગલે શહેરીજનોને બપોરે આકરા તાપ સાથે ગરમીનો અનુભવ કરવો પડી રહ્યો છે.

છેલ્લા એક સપ્તાહથી મહત્તમ તાપમાનમાં સતત ઉધાર ચડાવ નો દોર જોવા મળી રહ્યો છે તો છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાન આંશિક ઘટાડા નોંધાતા તાપમાનનો પારો 30.5 ડિગ્રીએ સ્થિર થયો હતો જ્યારે લઘુતમ તાપમાનમાં પણ આંશિક વધારો થયો હતો. શહેરનું લઘુતમ તાપમાન 16 ડિગ્રી નોંધાયો હતો.

## મોરબી ઈન્ડિયન લાયોનેસ ક્લબની બહેનો દ્વારા નિરાધાર લોકોને ધાબળાનું વિતરણ



શિયાળામાં ઘણા લોકો ઠંડીમાં સૂતા હોય છે ત્યારે આવા લોકોને ઠંડીની સામે રક્ષણ મળી રહે તે માટે મોરબી ઈન્ડિયન લાયોનેસ ક્લબ દ્વારા નિરાધાર લોકોને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ક્લબના સભ્ય કાજલબેન આદ્રોજાના સહયોગથી ધાબળા વિતરણનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

રેન બસેરા ખાતે રહેતા તેમજ જુદાજુદા માર્ગ ઉપર જાહેરમાં સૂતેલા લોકોને ધાબળા આપવામાં આવ્યા હતા. આ તકે સંસ્થાના પ્રમુખ ડો. સુષ્માબેન દુધરેજીયા સહિતના હાજર રહ્યા હતા.

## મોરબીમાં સાયબર ફ્રોડથી મેળવેલ 24 લાખની વિડ્રો કરી લેનારા બે શખ્સ સામે ફરિયાદ નોંધાઈ



જીલ્લામાં સાયબર ફ્રોડ કે છેતરપિંડીથી મેળવેલ રકમ સગેવગે કરવા માટે મ્યુલ એકાઉન્ટનો ઉપયોગ થાય છે તેવુ સામે આવેલ છે જેથી પોલીસ હવે ગુના નોંધી રહી છે તેવામાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને બે શખ્સની સામે 24.09 લાખની રકમ સગેવગે કરવાની ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે. જીલ્લાના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના કર્મચારીએ સંજય ખેંગારભાઈ સોલંકી અને મનોજ મોહનભાઈ ચૌહાણ રહે. બંને રોહીદાસપરા મોરબી વાળા સામે ફરિયાદ નોંધાવી છે જેમા જણાવ્યુ છે કે, મનોજ ચૌહાણે અન્ય ઈસમો સાથે મળી સાયબર ફ્રોડ કે છેતરપીંડીથી મેળવેલ નાણા સગેવગે કરવા આરોપી સંજય સોલંકીના સેવિંગ્ઝ એકાઉન્ટ ખોલાવી 24,09,150 જમા કરાવી કમીશન પેટે 10,000 આપી ખાતામાં જમા કરેલી રકમ ચેક, એટીએમથી વિડ્રો કરી સગેવગે કરી હતી જેથી પોલીસે ગુનો નોંધીને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે.

## મોરબીની દિકરીઓને પોલીસ ભરતી માટે વિનામુલ્યે ફિઝિકલ તાલીમ આપતા નિવૃત આર્મીમેન સહદેવસિંહ ઝાલા




ગુજરાત પોલીસમાં આગામી દિવસોમાં ભરતી આવી રહી છે ત્યારે ડાયરેક્ટ પીએસઆઈ અને લોકરક્ષકની ભરતીમાં પસંદગી પામીને ખાખી પહેરવા માટે યુવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે મોરબીમાંથી વધુમાં વધુ દિકરીઓને સફળતા મળે તેના માટે મોરબીમાં નિવૃત આર્મીમેન દ્વારા મિશન ખાખીની નેમ સાથે વિનામુલ્યે ફિઝિકલ તાલીમ આપવામાં આવી રહી છે અને ખાસ કરીને ભરતી સમયે ગ્રાઉન્ડ કેવી રીતે પૂરું કરી શકાય અને શારીરિક ફિટનેશ કેવી રીતે જાળવી શકાય તેના માટેની દીકરીઓને તાલીમ આપવામાં આવી રહી છે.

તાજેતરમાં જ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને કોન્સ્ટેબલ સહિત કુલ 13,591 જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. જેથી કરીને ખાખી પહેરવા માટે યુવક અને યુવતીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને 13,591 જગ્યાઓ માટે હજારોની સંખ્યામાં યુવક યુવતીઓ દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવેલ છે. ત્યારે પોલીસ ભરતીમાં મોરબીની દિકરીઓને સફળતા મળે તેના માટે મોરબીમાં રહેતા નિવૃત આર્મીમેન સહદેવસિંહ ઝાલા દ્વારા દિકરીઓને વિનામુલ્યે ફિઝિકલ ફિટનેશ માટેની તાલીમ આપવામાં આવી રહી છે.

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ એલ.ઇ. ગ્રાઉન્ડમાં દિકરીને વહેલી સવારે 6 વાગ્યાથી ફિઝિકલ ફિટનેશ માટેની તાલીમ આપવામાં આવી રહી છે જેથી મોટી સંખ્યામાં દીકરીઓ તાલીમ લેવા માટે આવી રહી છે અને હજુ પણ દિકરીઓની સંખ્યામાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. અત્રે ઉલેખનીય છે, આ ભરતીમાં મહિલાઓએ 9.30 મિનિટમાં 1600 મીટર દોડવાનું હોય છે.

જો તેના માટે દિકરી દ્વારા પ્લાનિંગ સાથે તેના માટેની તૈયારી કરવામાં આવે તો ખાખી વર્દી પહેરવાનું તેઓનું સપનું સાકર થઈ શકે છે જેથી કરીને મોરબીના નિવૃત આર્મીમેન દ્વારા દિકરીઓને છેલ્લા એક મહિનાની તાલીમ આપવામાં આવી રહી છે અને હાલમાં ઉમેદવારો દ્વારા તેઓના ઉમેદવારી પત્ર પણ ભરી દેવામાં આવેલ છે જેથી આગામી દિવસોમાં નિવૃત આર્મીમેન સહદેવસિંહ ઝાલા પાસે વિનામુલ્યે ફિઝિકલ તાલીમ લેવા આવનાર દીકરીઓની સંખ્યામાં વધારો થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## વાંકાનેરમાં ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ



વાંકાનેર શહેર નજીક ભાટીયા સોસાયટી ખાતે બિરાજમાન દેવાધીદેવ શ્રી ગંગેશ્વર મહાદેવજી મંદિરના પરિસરમાં ગંગેશ્વર મિત્ર મંડળના પ્રયત્નોથી ઉત્સાહી શિવભકતો દ્વારા પરશુરામ ભગવાન, જલારામ બાપા, રણછોડદાસ બાપુની પુન:પ્રાણ પ્રતિષ્ઠા તથા કષ્ટભંજન હનુમાનજી મહારાજના ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેથી આ અવિસ્મરણીય પ્રસંગોમાં ઉપસ્થિત રહેવા તમામ ભકતોને આમંત્રીત કરવામાં આવેલ છે.

જેમાં મંગળવાર તેમજ બુધવાર અને ગુરૂવાર એમ ત્રિદિવસીય આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે દેહશુધ્ધિ, પ્રાયશ્રચિત, મંડપ પ્રવેશ, ગણપતિ પૂજન, જલયાત્રા, આરતી, રાસ ગરબા, નગરયાત્રા, સંતવાણી, મૂર્તિન્યાસ, પ્રાણ પ્રતિષ્ઠા, મહાપૂજા, અભિષેક મૂર્તિ સ્થાપના, ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

## મોરબી શ્રી આર્યતેજ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝીયોથેરાપી દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો

### આર્યતેજ ફિઝીયોથેરાપી ક્લિનિક અને સત્યમ હોસ્પિટલના સંયુક્ત આયોજન હેઠળ મેડિકલ કેમ્પનું આયોજન



આર્યતેજ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝીયોથેરાપી દ્વારા સંચાલિત આર્યતેજ ફિઝીયોથેરાપી ક્લિનિક અને સત્યમ હોસ્પિટલના સંયુક્ત આયોજન હેઠળ મેડિકલ કેમ્પનું આયોજન આર્યતેજ ફિઝીયોથેરાપી ક્લિનિક, નિલકંઠ પ્લાઝા-2, નાની કેનાલ રોડ, સનરાઇઝ વિલ્લા સોસાયટીની બાજુમાં, રાખવામા આવેલ હતો જેનો ઘણા દર્દીઓને લાભ લીધેલ હતો. આ કેમ્પમાં ડો. પુનિત પડસુબીયા અને ડો. ધર્મેશ ભાલોડિયા દ્વારા ડાયાબિટીસ તેમજ તેની સાથે જોડાયેલી બી.પી., કિડની, હૃદય, લીવર અને નસોની તકલીફ અંગેના રોગોની તપાસ અને નિદાન સહિત ખાસ ફિઝીયોથેરાપીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પનું નેતૃત્વ ડો.હિરલ જાદવાણી, ડો.ધ્વનિ નીમાવત, ડો.ખ્યાતિ પરમાર, અને ડો. પ્રતિક દેસાઇ દ્વારા કરવામાં આવ્યું હતું અને ડો. રાહુલ છતલાણીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કેમ્પ યોજાયો હતો. અને વિશેષ નોંધનીય બાબતએ હતી કે, બધા ડોક્ટર તથા પ્રથમ વર્ષના આર્યતેજ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝીયોથેરાપીના વિધાર્થી દ્વારા લોકોને ફિઝીયોથેરાપી શું છે ? અને તેના લાભ વિશે માહિતી આપવામાં આવી હતી. અને આર્યતેજ ગ્રૂપ ઑફ કોલેજીસ મેનેજમેન્ટ દ્વારા ઇન્સ્ટિટ્યૂટના ફેકલ્ટીના સેવાભાવી પ્રયત્નોની પ્રશંસા કરવામાં આવી હતી

## સાવધાન ! હવે નવી રીતે હાઈજેક થઈ રહ્યું છે WhatsApp, સરકારે આપી વોર્નિંગ

એક સરકારી એજન્સીએ WhatsApp યુઝર્સ માટે એક મહત્વપૂર્ણ ચેતવણી આપી છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય હેઠળની એજન્સી, ઇન્ડિયન કમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In)એ એક નવા ખતરા વિશે માહિતી આપી છે અને યુઝર્સને સાવધ રહેવા વિનંતી કરી છે.

જે હાઈ રિસ્ક ઘોસ્ટ પેરિંગ સાથે સંબંધિત છે, જેમાં હેકર્સનું એક જૂથ ચાલાકીપૂર્વક WhatsApp એકાઉન્ટ્સ પર કબજો કરી શકે છે. ચેતવણીમાં જણાવાયું છે કે હેકર્સ WhatsAppના ડિવાઇસ-લિંકિંગ ફીચરનો દુરુપયોગ કરી રહ્યા છે. તેઓ કોઈપણ પ્રમાણીકરણ વિના પેરિંગ કોડનો ઉપયોગ કરીને એકાઉન્ટ્સ હાઇજેક કરી શકે છે. આ એટલું ખતરનાક છે કે હેકર્સ રીઅલ-ટાઇમ ચેટ્સ વાંચી શકે છે અને રહસ્યો લીક કરી શકે છે. સાયબર ગુનેગારો WhatsApp કેવી રીતે હાઇજેક કરે છે ?

WhatsApp હેકિંગ એક સરળ મેસેજથી શરૂ થાય છે. જ્યારે કોઈ વિક્ટીમને કોઈ જાણીતા સંપર્ક તરફથી એક સરળ મેસેજ મળે છે, "Hi, check this photo." મેસેજમાં એક લિંક હોય છે, જેમાં ફેસબુક જેવું પ્રીવ્યુ બતાવે છે. CERT-Inની પોસ્ટ જ્યારે વિક્ટીમ તેને જોવાનો પ્રયાસ કરે છે, ત્યારે પ્રોસેસ ફોન નંબર માંગે છે અને વેરિફિકેશન માટે પૂછે છે. ચેતવણીમાં જણાવાયું છે કે સાયબર હુમલાખોરો વિક્ટીમના WhatsApp એકાઉન્ટને આ રીતે હાઇજેક કરે છે. WhatsApp યુઝર્સે આ ભૂલ ટાળવી જોઈએ જો કોઈ પરિચિત તમને તમારો મોબાઇલ નંબર દાખલ કરવાનું કહેતો મેસેજ મોકલે છે, તો તમારે સાવચેત રહેવું જોઈએ. કોઈપણ લિંક દ્વારા તમારા મોબાઇલ નંબરને વેરિફાય કરશો નહીં જે સંભવિત રીતે તમારા WhatsAppને હેક કરી શકે છે.

## મોરબીમાં 'સુશાસન સપ્તહ' અંતર્ગત 'પ્રશાસન ગાંવ કી ઓર' વર્કશોપ યોજાયો



મોરબી કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર તથા ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નવલદાન ગઢવી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં સુશાસન સપ્તહ' અંતર્ગત 'પ્રશાસન ગાંવ કી ઔર' વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અધિકારીઓને પ્રજા લક્ષી અભિગમ કેળવી લોકકલ્યાણની કામગીરીને પ્રાથમિકતા આપવા જણાવવામાં આવ્યું હતું.

નિવાસી અધિક કલેક્ટર તથા ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીએ વહીવટી તંત્રને નિયમિત કામગીરીમાં સાચા અર્થમાં જાહેર સેવક બની સુશાસનને કામગીરીનો ભાગ બનાવવા, ટીમ વર્ક થકી લોક કલ્યાણની ભાવના સાથે ગ્રામ્ય વિસ્તારોના ગરીબો, વંચિતો અને જરૂરિયાત મંદને મુખ્ય પ્રવાહમાં લાવવા શક્ય તમામ પ્રયાસ કરવા અને તેમના ઉત્થાન માટે યોજનાઓની સાચી અમલવારી થાય તે પ્રકારનું માળખું ગોઠવવા જણાવ્યું હતું.

આ વર્કશોપમાં શિક્ષણ વિભાગ, જિલ્લા પંચાયત, જિલ્લા ખેતીવાડી કચેરી, આત્મા પ્રોજેક્ટ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા ઉધોગ કેન્દ્ર અને જિલ્લા આરોગ્ય વિભાગે તેમના દ્વારા કરવામાં આવેલી શ્રેષ્ઠ કામગીરી તથા યોજનાઓની અમલવારી વિશે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તૃત માહિતી આપી હતી.

આ વર્કશોપમાં ડેપ્યુટી કલેકટર ઉમંગ પટેલ, વાંકાનેર પ્રાંત અધિકારી વિપુલ સાકરીયા, હળવદ પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા, જિલ્લા પુરવઠા અધિકારી જૈમિન કાકડીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, જિલ્લા આયોજન અધિકારી વી.બી. માંડલિયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે.વાસ્તવ સહિતના વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતમાં TET-1 આપનારાં માટે સારા સમાચારઃ માર્ચ સુધીમાં 5000 શિક્ષકોની ભરતી થશે, જાણો સંપૂર્ણ વિગત

ગુજરાતમાં TET-1 આપનારાં માટે સારા સમાચાર છે. માર્ચ સુધીમાં 5000 શિક્ષકોની ભરતી કરવામાં આવશે. પસંદ થયેલા ઉમેદવારનો નવા શૈક્ષણિક સત્રથી નિમણૂક મળી જાય તેવું સરકારનું આયોજન છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ઓક્ટોબર મહિનામાં મોટી સંખ્યામાં શિક્ષકો નિવૃત્ત થયા હતા. તેમને નિયમ મુજબ 5 મહિના સુધી એક્સટેન્શન આપવામાં આવ્યું છે. આ એક્સટેન્શનનો સમયગાળો પૂરો થતાં મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી પડશે. જેને ભરવા માટે શિક્ષક ભરતી અનિવાર્ય બનશે. આ કારણે સરકાર ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માગે છે. TET-1 પાસ ઉમેદવારો માટે આ જાહેરાતને મોટી રાહત અને આશાની નજરે જોવામાં આવી રહી છે. લાંબા સમયથી ભરતીની રાહ જોતા ઉમેદવારો માટે સરકારનો આ સ્પષ્ટ રોડમેપ મહત્વપૂર્ણ સાબિત થશે.

આ કારણે નથી મળતા યોગ્ય ઉમેદવારો તાજેતરમાં 5,000 વ્યાયામ શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ યોગ્ય ઉમેદવારો ન મળતાં હજુ પણ અંદાજે 3,500 વ્યાયામ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. સૂત્રોના કહેવા પ્રમાણે, CPEd કોલેજો બંધ થઈ જતા લાયક ઉમેદવારો મળવામાં મુશ્કેલી ઉભી થઈ છે. પરિણામે સરકારને પૂરતી સંખ્યામાં યોગ્ય ઉમેદવારો મળી રહ્યા નથી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં નવી ભરતી અંગે વૈકિલ્પક વ્યવસ્થા અને આયોજન પર વિચારણા કરવામાં આવશે.

ત્રણ દિવસ પહેલા રાજ્યમાં TET-1ની પરીક્ષા અત્યંત શાંતિપૂર્ણ અને ઉત્સાહજનક માહોલમાં સંપન્ન થઈ છે. સમગ્ર ગુજરાતમાં ફેલાયેલા વિવિધ પરીક્ષા કેન્દ્રો પર ભાવિ શિક્ષકોએ આ પરીક્ષા આપી હતી, જેમાં આ વખતે ઉમેદવારોની હાજરીનું પ્રમાણ ખૂબ જ ઊંચું જોવા મળ્યું હતું. રાજ્યભરમાંથી કુલ 1,01,518 ઉમેદવારો નોંધાયા હતા.

જેમાંથી 91,627 (90.26%) ઉમેદવારોએ પોતાની પરીક્ષા આપી હતી.માત્ર 9,891 ઉમેદવારો જ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. રાજ્યભરના કુલ 5,081 સેન્ટરો પર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ જિલ્લાઓ પૈકી વડોદરા જિલ્લો હાજરીની બાબતમાં મોખરે રહ્યો છે. વડોદરામાં સૌથી વધુ 92.72% ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.પરીક્ષા દરમિયાન કોઈ પણ સીસીટીવી (CCTV) નિરીક્ષણની વ્યવસ્થા કરવામાં આવી હતી. કસોટી



પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને પૂર્ણ થયા બાદ ઉમેદવારોએ પેપરની ગુણવત્તા બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# મોરબી : મહારાણા પ્રતાપ સર્કલ પાસે પતરાના કારણે ટ્રાફિક અવરોધ





મહારાણા પ્રતાપ સર્કલ પાસે ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું હોવાનું કારણ આપીને માર્ગ પર પતરા મૂકી દેવાયા છે. જોકે, આ સ્થળે છેલ્લા ઘણા સમયથી કોઈપણ પ્રકારનું કન્સ્ટ્રક્શન કાર્ય આગળ વધતું ન હોવાથી સાંજના સમયે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ રહી છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોના જણાવ્યા મુજબ, પતરા મુકાયા ત્યારથી વાહનો એકબીજા સાથે અથડાવાની ઘટનાઓ વધી છે તેમજ લોકોને પડતા પણ જોવાયા છે.

કાર્ય ચાલતું હોય ત્યારે સુરક્ષા અને વ્યવસ્થાના હિતમાં માર્ગ આડશ માટે બંધ કરવો પડે તે સમજી શકાય છે, પરંતુ અનેક દિવસો વીતી ગયા છતાં કોઈ કામગીરી શરૂ ન થતાં પતરાઓ ટ્રાફિક માટે અનાવશ્યક અડચણરૂપ બન્યા છે. પરિણામે દૈનિક આવનજાવન કરનારાઓને ભારે અસુવિધા ભોગવવી પડી રહી છે.

સ્થાનિકો દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે જ્યાં સુધી વાસ્તવિક કન્સ્ટ્રક્શન કાર્ય શરૂ ન થાય ત્યાં સુધી ટ્રાફિકમાં અડચણ સર્જતા પતરા દૂર કરવામાં આવે, જેથી માર્ગ વ્યવસ્થા સુચારુ બને અને અકસ્માતોની શક્યતા ઘટે.

# મોરબીમાં બાંગ્લાદેશમાં થયેલ યુવાનની હત્યાનો ભારે વિરોધ





બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓએ હિંદુ યુવક દીપુચંદ્રદાસની ક્રુરતાપૂર્વક હત્યા કરી છે અને જીવિત સળગાવી ક્રૂરતાની હદ વટાવી છે ત્યારે એકતા એજ લક્ષ્ય સંગઠન દ્વારા મોરબીના મહારાણા પ્રતાપ સર્કલ ખાતે વિરોધ પ્રદર્શન કરી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા બાંગ્લાદેશમાં હિંદુઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે નિર્દોષ હિંદુઓ પર અત્યાચાર કરી કટ્ટરપંથીઓએ તમામ હદો વટાવી હિંદુ યુવક દીપુચંદ્ર દાસને બેરહેમીથી પીટાઇ કરી જીવતો સળગાવી હત્યા કરી હતી.

જેના વિરોધમાં એકતા એજ લક્ષ્ય સંગઠનના નેજા હેઠળ સનાતની હિંદુઓએ વિરોધ પ્રદર્શન કર્યો હતો બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ થઇ રહેલા અત્યાચારનો ઉગ્ર વિરોધ કરી સુત્રોચ્ચાર કર્યો થો અને બાંગ્લાદેશમાં વસતા હિંદુઓ માટે સરકાર શક્ય તમામ મદદ કરે તેવી માંગ કરી હતી જેહાદી માનસિકતાનું પુતળું બનાવી દહન કરવામાં આવ્યું હતું























